# "SUDARSHAN"

Weekly E-bulletin of Rotary club of Surat

15th October 21-22

Rotary club of Surat

SERVE TO CHANGE LIVES

Issue -16

R.I. President
**Shekhar Mehta**

District Governor
**Santosh Pradhan**

President
**Bhishma Jariwala**

Hon. Secretary
**Nikhil Madrasi**

Editor
**R'ann Manjari Desai**

We meet every Friday
Dr. Sarosh Bhacca Memorial Rotary Hall,
Jeevan Bharti School Annexe, Timaliawad,
Nanpura, Surat - 395001
For Private Circulaion only

Bulletin_01.jpg

## 'શુક્રવારની રઢિયાળી રાત રંગ બેરંગી વસ્ત્રોથી શોભતી રાત'

શુક્રવાર, તા. ૦૮-૧૦-૨૦૨૧

રોટરી ક્લબ ઓફ સુરત સેવા કાર્ય સાથે સાંસ્કૃતિક વારસાનું જતન કરવામાં પણ હંમેશા અવ્વલ જ રહી છે. રોટેરિયન એક સેવક ની સાથે કલાપ્રેમી પણ છે અને તેથી જ તા. ૦૮/૧૦/૨૦૨૧ ને દ્વિતીય નોરતે જીવનભારતી રોટરી હોલના રૂડા રૂપાળા ચોકમાં ગવાયેલા ગરબામાં રોટેરિયન્સ અને રોટરેક્ટર્સના કલાત્મક પ્રાણોના સ્પંદન રેલાયા હતા.

નવરાત્રી એ ગુજરાતનું ઘરેણું છે અને ગરબો એ આપણું સંસ્કાર ધન છે. માં શક્તિની આરાધનાના આ પર્વે રોટરી ક્લબ ઓફ સુરત, રોટરી ક્લબ નેક્સ્ટ જેન અને રોટરેકટ ક્લબ ઓફ સુરત કોમ્યુનીટીના સભ્યોએ ભારતીય લોક પરંપરાની ધાર્મિકતા અને ભાવુકતાનો સંગમ હોલમાં છલકતો કરી દીધો.

આપણું સંસ્કારધન અને હૃદયનું સ્પંદન એવા ગરબાના મિજાજને માણવા ખેલૈયા અને દર્શકો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શરૂઆતમાં પધારેલી જનમેદનીએ માતાજીની આરતી કરી, માની સ્તુતિ કરી અને આશીર્વાદ લીધા. બે તાળીના ગરબાથી એક ખૂબ મોટું વર્તળ બની ગયું અને સૌ ગેલમાં આવી ગયા. ધીમે ધીમે તાળીઓના તાલ અને પગની ઠેસથી વાતાવરણમાં અનોખો ઉલ્લાસ છવાય ગયો. માતાજીના કર્ણપ્રિણ, અર્થસભર ગરબાએ સૌના કાનને ખુશ કરી દીધા. સૌના પગ થીરકતા થઇ ગયા અને એક જોરદાર વાતાવરણ ઊભું થઇ ગયું. જોનારાને મજા આવી. સાથે કોણ સરસ કરે, કોને નંબર મળશે એવો ઉત્સાહ પણ હતો. નિર્ણાયક તરીકે જાણીતા ગરબા વિશેષજ્ઞ સુષ્માબેન દારૂવાળા અને ભાવિ મોદી ઉપસ્થિત રહયા હતા.

શરૂઆત પ્રેસિડન્ટ ભિષ્માબેન જરીવાળાના મીઠા આવકારથી થઇ તો અંત ભૂપેન્દ્રભાઇ અને રૂપેશભાઈ જરીવાળાના સ્વાદિષ્ટ સાઉથ ઇન્ડીયન વાનગી સાથે થયો.









Bulletin_02.jpg

# INCOMING.....

## : October :

- **19th** Speaker meeting
- **21st** ભૂખ્યાને ભોજન
- **23rd** Bal Aanganwadi










**October**

| | |
|---|---|
| 18th | Chandresh R.Sheth |
| | Pankti Shashtri |
| 19th | Mitul Shah |
| 22nd | Reshma Jariwala |



## “ભૂખ્યાને ભોજન”

ગુરૂવાર, તા. ૦૭-૧૦-૨૦૨૧




જિંદગીથી લાચાર માનવીને કંઈક આપીએ તો કોઈપણ અપેક્ષા વિના આપવું જોઈએ. આપણે હવેલીના પગથિયા ઉતરી ગરીબ સમાજના ચોકમાં જવું જોઈએ. ફૂલને છાબડીમાં ભરતા હોય તેમ હળવેકથી એમના મનમાં પ્રેમ ભરવો જોઈએ. રોટરી ક્લબ ઓફ સુરતનો આ સંદેશ ખૂબીથી પહોંચાડનારા ભૂખ્યાને ભોજન પ્રોજેક્ટના તા. ૦૭/૧૦/૨૦૨૧ ને ગુરુવારના પ્રણેતા હતા રોટરી પાર્ટનર રેશ્માબેન નિલેશભાઈ જરીવાલા અને સાથે ઉપસ્થિત રહ્યા હતા રો. દક્ષાબેન શાહ અને રો. કુંદનભાઈ શાહ.

શનિવાર, તા. ૦૯.૧૦.૨૦૨૧ **બાળ આંગણવાડી** **‘ભૂલકાઓનું સ્મિત’**



નાચે, કૂદે ને રમે - ભૂલકાઓ નાચે કૂદે ને રમે

ઉઠે, બેસે ને નાસ્તો કરે - ભૂલકા ઉઠે, બેસે ને નાસ્તો કરે...

રૂમે, ઝૂમે ને નાચે - ભૂલકા રૂમે, ઝૂમે ને નાચે.....

રોટેરિયનના હૈયે વસે - ભૂલકા રોટેરિયનના હૈયે વસે.....

બાળકોને નાચતા, કૂદતા, નાસ્તો કરતા નિહાળી પુલકિત થનારા તા. ૦૯/૧૦/૨૦૨૧ ને શનિવારના બાળ આંગણવાડીના નાસ્તાના સ્પોન્સર હતા રો. ઇન્દ્રવદન શેતરંજીવાલા. એમણે પોતાના જન્મદિન નિમિત્તે આ ઉમદા કાર્ય કર્યું હતું. એમની સાથે આયુષી શેતરંજીવાલા પણ ઉપસ્થિત રહ્યા હતા.

" GHARI project in process. PP Bhupendra Jariwala, Rupesh Jariwala doing their best to make this project successful. A big thank you to Kundan Shah-Daxa Shah: Dipak Gandhi-Purnima Gandhi: Kamal Gandhi-Jagruti Gandhi: Ketan Patel, Asha Jariwala & Ekta Jariwala for their tireless support to the cause!

## નિઃશુલ્ક કાનુની માર્ગદર્શન કેન્દ્ર

શનિવાર, તા. ૦૯/૧૦/૨૦૨૧

રોટરી ક્લબ ઓફ સુરત દ્વારા નિઃશુલ્ક કાનુની માર્ગદર્શન કેન્દ્રની શરૂઆત કરવામાં આવી છે. દર બીજા અને ચોથા શનિવારે સાંજે ૬ કલાકે 'રોટરી હોલ', જીવનભારતી, નાનપુરા, સુરત ખાતે એડવોકેટ અજય મહેતા, એડવોકેટ આત્મારામ ત્રિપાઠી અને એડવોકેટ અશ્વિનભાઈ સુખડિયા નીચે મુજબના વિષયો પર નિઃશુલ્ક (Free) કાનુની માર્ગદર્શન આપી રહ્યા છે.

શનિવાર, તા. ૦૯/૧૦/૨૦૨૧ ના રોજ સાંજે ૬ કલાકે આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો અને જાહેર જનતાને મુંઝવતા પ્રશ્નોનો નિકાલ લાવવામાં આવ્યો હતો. હવે પછી શનિવાર, તા. ૨૩/૧૦/૨૦૨૧ ના રોજ સાંજે ૬ કલાકે આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે.

*******

## રોટરી યુથ લીડરશીપ એવોર્ડ – RYLA Camp – પ્રમાણ પત્ર વિતરણ સમારોહ

મંગળવાર, તા. ૧૨.૧૦.૨૦૨૧

વિદ્યાર્થીઓમાં નેતૃત્વના ગુણો વિકસે તે હેતુથી RYLA Camp નું આયોજન કરવામાં આવતું હોય છે. આ અગાઉ BRCM કોલેજ અને શ્રી રામ ક્રિષ્ણ ઇન્સ્ટીટયુટ ખાતે RYLA Camp નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ માં જેમણે ભાગ લીધો હતો તે તમામને પ્રમાણ પત્ર વિતરિત કરવાનો સમારોહ આયોજિત કરવામાં આવ્યો હતો.

*******

## રોટરી યુથ લીડરશીપ એવોર્ડ – RYLA Camp

શનિવાર, તા. ૧૬.૧૦.૨૦૨૧

વિદ્યાર્થીઓમાં નેતૃત્વના ગુણો વિકસે તે હેતુથી RYLA Camp નું આયોજન વનિતા વિશ્રામ યુનિવર્સીટી ખાતે કરવામાં આવ્યું છે. શનિવાર, તા. ૧૬.૧૦.૨૦૨૧ ના રોજ સવારે ૯ કલાકે પ્રમુખ ભિષ્માબેન જરીવાળા ના હસ્તે કેમ્પની શરૂઆત કરવામાં આવી હતી. પ્રોજેક્ટ ઇન્ચાર્જ ડૉ. નિકેત શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કેમ્પના પ્રથમ દિવસે માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ અસરકારક વકતૃત્વ કળા વિષય પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

**Please note:**
**Change in meeting day & date**

**19th October Tuesday**

An Interactive session with

Dr. Nikunj Vithlani & Dr. Rucha Kapse Sheth

Subject:
*'Please help me to reduce my No. of Patients'

* 'When should you get your Mammography done?'

Dinner: 7.30 pm to 8.15 pm

8.15 pm onwards An Interactive session

## ચક્ષુદાન – મહાદાન

રવિવાર, તા. ૧૦.૧૦.૨૦૨૧

રોટરી ક્લબ ઓફ સુરત પ્રેરિત આર.સી.સી. લાજપોર-સચીને માનવતાના મહાન કાર્યમાં એક મોટો કૂદકો માર્યો હતો. એથર ફાઉન્ડેશન અને રોટરી ક્લબ ઓફ નવસારી પ્રેરિત રોટરી આઈ ઇન્સ્ટીટયુટના સહકારથી આયોજિત આઈ ચેક-અપ અને નિદાન કેમ્પમાં કુલ ૨૦૨૫ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી, ૪૪૯ દર્દીઓને વિના મૂલ્યે ચશ્મા વિતરિત કરવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં ૧૦૮ દર્દીઓના વિના મૂલ્યે ઓપરેશન કરવામાં આવશે.

આર.સી.સી.ના પ્રમુખ શ્રી સુખરામભાઈ ચૌધરી અને તેમની સમગ્ર ટીમને માનવતાના આ મહાન કાર્ય માટે દિલથી અભિનંદન.

**" As a Rotarian, you must be simultaneously a dreamer and a doer. "**
...R.K. Saboo

## 'એક નવતર પ્રોજેક્ટ જુના જીન્સમાંથી સ્કૂલ બેગ બનાવી'

રોટરી ક્લબ સુરત માને છે કે.......એક નાનો બદલાવ મોટી સફળતાની શરૂઆત છે.
દાન કરવા માટે તવંગર હોવું જ જોઈએ એ જરૂરી નથી,
દાન કરતી વખતે હાથમાં શું હતું એના કરતા દિલમાં શું હતું એ જોવાય છે.
આપના દ્વારા આપવામાં આવેલા વપરાયેલા જીન્સ સુંદર બેગમાં પરિવર્તિત થઇ ગયા અને જેને જરૂર છે ત્યાં પહોંચાડવામાં આવ્યા – આ કાર્ય કંઈક વિશેષ જ છે – અને વિશેષ કાર્ય જ રોટરી ક્લબ ઓફ સુરતની ઓળખ છે. રોટરી ક્લબ ઓફ સુરતે જાહેર જનતાને અપીલ કરી અને લગભગ ૧000 જેટલા જૂના જીન્સ ભેગા થઇ ગયા. તેમાંથી છાપરાભાઠા ખાતે ચાલી રહેલ વિમેન એમ્પાવરમેન્ટ સેન્ટરમાં દેખાવે સુંદર અને વાપરવામાં સરળ અને બાળકોને સ્કૂલ જરૂરિયાત માટે યોગ્ય એવી સ્કૂલ બેગ તૈયાર કરવામાં આવી. આ કાર્યમાં શ્રીજી સ્ટીલના વિજયભાઈ મહેતાનો પણ વિશેષ ફાળો મળ્યો હતો.
ત્યાર પછી આ બેગો જેને જરૂર છે ત્યાં પહોંચાડવામાં આવી. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત જે.સી.મુનશી શાળા, ગભેણી ગામ ખાતે આવેલી પ્રાથમિક શાળા, સચિન - વાંઝ પ્રાથમિક શાળા, પોંસરા પ્રાથમિક શાળા, કપરાડા પ્રાથમિક શાળા અને ખેરગામ આશ્રમમાં રોટેરીયન્સે મહાજહેમતે અને પ્રેમપૂર્વક આ બેગોનું વિતરણ કર્યું.

### A big thank you to

**Rtn. Mukesh Bothra - Sandhya Bothra**
**for sponsering notebooks to distribute to the needy studentds of Kaprada Primary school- Kaprada.**

## Rtn. Benjamin List, Germany, wins Nobel Prize for Chemistry



Rotarian Benjamin List, member of the RC Mülheim ad Ruhr-Schloß Broich, Germany wins Nobel Prize for Chemistry.

He shares the prize with the US researcher David WC MacMillan. Both have developed methods of accelerating chemical reactions.





Bulletin_06.jpg